# મોડાસામાં ડેન્ગ્યુથી એકનું મોત





## અરવલ્લી જિલ્લો ડેન્ગ્યુની મહામારીમાં સપડાયો

અરવલ્લી જિલ્લામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાના ભરડામાં સપડાયો હોય તેમ સરકારી દવાખાનાઓ અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. જિલ્લામાં ભારે વરસાદના પગલે ઠેર ઠેર પાણીના ખાબોચીયા ભરાઈ રહેતા એડીસ મચ્છરો માટે બ્રીડીંગના અનુકૂળ વાતાવરણ મળી રહેતા જિલ્લામાં ડેન્ગ્યુ નામની મહામારી રોગે માથુ ઉંચકતા ૨૦ જેટલા ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓ નોંધાયા છે. ડેન્ગ્યુના પોઝેટીવ કેસ સરકારી ચોપડે ફક્ત બે જ અત્યાર સુધી નોંધાતા આશ્ચર્ય અનુભવાઈ રહી છે. ડેન્ગ્યુના લીધે અત્યાર સુધી ૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે. જિલ્લામાં ૧ માસમાં સાદા મેલેરીયા તેમજ ઝેરી મેલેરીયાના ૭૯ કેસો નોંધાતા જિલ્લાના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા જિલ્લામાં તમામ ગામોમાં સર્વેની કામગીરી હાથ ધરી રોગચાળાને કાબુમાં લેવામાં આવે તેવા તમામ પ્રયત્નો હાથ ધરવા છતાં રોગચાળો વકરી રહ્યો છે.

### મોડાસાના ઈટાડી ગામની ૪૨ વર્ષીય મહિલાનું મોત અમદાવાદમાં સારવાર દરમિયાન મોત : અરવલ્લીમાં એક મહિનામાં ૨૦ શંકાસ્પદ ડેન્ગ્યુના કેશ નોંધાયા

ચોમાસાના ઉત્તરાર્ધમાં વરસાદી પાણીને લઈ સમગ્ર અરવલ્લી જિલ્લામાં પાણી જન્ય અને મચ્છર જન્ય રોગે માથું ઊંચક્યું છે. અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે ૯૫ ટકાથી વધુ વરસાદ પડ્યો છે જેના કારણે સમગ્ર જિલ્લામાં ઠેર ઠેર પાણીના ખાબોચિયાં ભરાઈ ગયા છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વિશેષ છે જેના કારણે પાણીજન્ય રોગે માથું ઊંચક્યું છે ભરાઈ રહેલા વરસાદી પાણીને લઈ એડિસ મચ્છરના બ્રીડિંગ જામી ગયા છે જેને કારણે અરવલ્લી જિલ્લામાં એક માસમાં શંકાસ્પદ ડેન્ગ્યુના ૨૦ કેસ નોંધાયા છે જયારે બે કેસ પોઝેટિવ નોંધાયા છે. ડેન્ગ્યુના કારણે અત્યાર સુધીમાં ૧ વ્યક્તિનું મોત નીપજ્યું છે. જિલ્લામાં એક માસમાં મેલેરિયાના ૭૯ કેસ નોંધાયા છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગમાં દોડધામ વધી જવા પામી છે જિલ્લાના તમામ ગામોમાં સર્વેની કામગીરી હાથ ધરી રોગચાળાને કાબુમાં લેવાના તમામ પ્રયત્નો હાથ ધર્યા છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઝાપટા રૂપી મેઘમહેર

## મોડાસાના વરથુ પંથકમાં ૧ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો : મુરઝાતા ખરીફ પાકને જીવતદાન

અરવલ્લી, તા. ૧૯

ગુજરાતમાં હવામાનમાં એકાએક અણધાર્યો પલટો આવતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા. બન્ને જિલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ઝાપટારૂપી મેઘમહેર કરતા તેજ પવન સાથે મીની વાવાઝોડુ સર્જાયુ હોય તેમ ધબધબાટી બોલાવી વરસી રહ્યા છે. બન્ને જિલ્લામાં ખરીફ પાકને પાછલા વરસાદથી જીવતદાન મળતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. અરવલ્લી જિલ્લાના વરથુ પંથકમાં રવિવારે સાંજના ધોધમાર વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. બન્ને જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનોએ અસહ્ય ઉકળાટ અને બફારાથી હાશકારો અનુભવ્યો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શનિવારે સાંજના સુમારે વાદળો ગોરંભાયા હતા. બન્ને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તેજ પવનગતિ સાથે વરસાદ શરૂ થતા પ્રજાજનોમાં વાવાઝોડાનો ભયરૂપી અહેસાસ થતાં ચિંતામાં સરી પડ્યા હતા. જોરદાર પવન સાથે મોડાસા, માલપુર, હિંમતનગર, શામળાજી પંથકમાં વરસાદ વરસવાનુ શરૂ થતા વીજળી ડુલ થતાં અંધારપટ્ટ છવાયો હતો. અરવલ્લી જિલ્લામાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે. પરંતુ પાછોતરો વરસાદ ખેંચાતા જિલ્લાના ૧.૯૫ લાખ હેક્ટરમાં થયેલા ખરીફ પાકના વાવેતર સામે જોખમુ તોળાયુ હતુ અને ખેડૂતો ચિંતીત બની ગયા હતા. હવે અરવલ્લી જિલ્લામાં મેઘમહેર થતા ખરીફ પાકને કેટલાક અંશે જીવતદાન મળ્યુ છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ત્રણ દિવસથી વરસાદ પડતા લોકોને રાહત થઈ છે. સાર્વત્રિક વરસાદ થતા ચોમાસુ ખેતી પર નિર્ભર ભૂમિપુત્રો મલકાઈ ઉઠ્યા હતા.

હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આગામી ચોવીસ કલાક સુધી મોનસૂન એક્ટીવીટી ચાલુ રહેવાની અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના દર્શાવતા ભૂમિપુત્રો સહિત પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં બાયડ, ધનસુરાને બાદ કરતા ૧૦૦ ટકા વરસાદ ખાબદી ચુક્યો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ચાલુ સિઝનનો ૭૫ ટકા જેટલો વરસાદ વરસતા ૨૫ ટકા ઘટ પ્રવર્તતા જળાશયોમાં સંગ્રહિત પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો ન થતા પાણીના જથ્થાની સપાટી ચિંતાજનક આગામી ઉનાળામાં મુશ્કેલી ઉભી કરી શકે છે.



## મહેસાણા-ખેરાલુના બે મકાનોમાંથી દસ લાખની ચોરી

મહેસાણા, તા. ૧૯

મહેસાણા અને ખેરાલુમાં બે મકાનોમાં તસ્કરોએ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ મળી કુલ દસ લાખ ઉપરાંતની મત્તાની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હોવાના બનાવો બનતા લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે દેસાઈવાડો અર્બુદા સોસાયટીમાં મકાન ધરાવતા અને હાલ ગાંધીનગર સેક્ટર-૨૯માં રહેતા દેસાઈ સુભાષભાઈ જીવજીભાઈના મકાનમાં સાંજના સમયે કોઈ તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકૂચો તોડી મકાનમાં અંદર પ્રવેશ કરી રોકડ રૂપિયા ૮,૫૮૦૦૦ તથા ચાંદીના સિક્કા નંગ-૧૭ કિંમત રૂપિયા ૬૦૦૦ મળી કુલ ૮,૬૪,૦૦૦ની મત્તાની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બન્યો હતો.

જ્યારે મહેસાણા શહેરમાં વિસનગર રોડ પર આવેલ હયાત ફ્લેટમાં રાત્રિના સમયે તસ્કરોએ ત્રાટકીને ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા. જેમાં જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા આસીસ્ટંટ સબ ઈન્સ્પેક્ટર વિલાયતખાન પઠાણના દિકરા નિસારખાન મહોમંદના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી તિજોરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના જેની કિંમત અંદાજે રૂપિયા બે લાખની થવા જાય છે. તેની ચોરી કરી હોવાની ફરિયાદ મહેસાણા એ. ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ છે. જિલ્લામાં ઘરફોડ ચોરીઓ, લૂંટો, જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતાં લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.



## ડીસાના રાજપુર ભોપાનગર અને રેલવે સ્ટેશન રોડનું ખાતમુર્હુત

ડીસા રાજપુરથી સ્મશાન, ભોપાનગર અને પાટણ ચાર રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધીના રોડનું ખાતમુર્હુત ડીસા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીસા શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ ઠાકોર, વોર્ડ-૧૦ના કોર્પોરેટર રવિભાઈ રાણા, કનુભાઈ જોષી, હંસાબેન ઠાકોર, રંજનબેન ખત્રી, રતિલાલ મહારાજ, ગનીભાઈ ઠેકેદાર, ઈકબાલભાઈ શેખ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. વર્ષોથી બિસ્માર અને ભંગાર માર્ગોનું નવિનીકરણ હાથ ધરાતા આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

## હિંમતનગર મેડીકલ કોલેજના કવાર્ટસમાંથી ૬૨ હજારના નળની ચોરી

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની મેડીકલ કોલેજના કવાર્ટસમાંથી વોશબેઝીન, ટોયલેટ બાથરૂમના રૂા.૬૨૧૦૦ની ચોરી થવા અંગે ફરિયાદ નોંધાવતા એ-ડીવીઝન પોલીસે દેરોલ ગામના એક ઈસમ વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ મેડીકલ કોલેજના ટાવર નં.૧,૨,૩ ના કવાર્ટસના દરવાજાના તાળા તોડી ૧૮ સપ્ટેમ્બર રવિવારે બપોરે પહેલાના સમયગાળા દરમિયાન વોશબેઝીન, ટોયલેટ બાથરૂમના નળની ચોરી થવા પામી હતી. ભીખાભાઈ મથુરભાઈ પટેલે રૂા.૬૨૧૦૦ના નળની હિંમતનગર તાલુકાના દેરોલ ગામના રોનક સંજયભાઈ વ્યાસ ચોરી કરી લઈ ગયા હોવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## બાયડ નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ જગદીશભાઈ પટેલનું દુઃખદ અવસાન

### સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં નગરજનો જોડાયા

બાયડ

વર્ષોથી બાયડ નગરનાં રાજકારણ અને સમાજમા એક સ્વરછ પ્રતિભા ધરાવનાર તેમજ બાયડ પંચાયતમાં ડે.સરપંચ પદ શોભાવનાર અને બાયડ નગરપાલિકાનાં પ્રમુખપદે બિરાજમાન થઈ બાયડ નગરનો સ્વરછ વહીવટ કરનાર એવાં પ્રતિભાસાળી વ્યક્તિત્વ ધરાવનારા બાયડ નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ જગદીશભાઈ પ્રેમજીભાઈ પટેલનું આજરોજ હૃદયરોગનાં હુમલાથી દુઃખદ અવસાન થતા બાયડનાં નગરજનોએ એક સજ્જન વ્યક્તિ ગુમાવતા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી જ્યારે તેમનાં અવસાનનાં સમાચાર જીલ્લામાં વાયુવેગે



પ્રસરતા તેમની અંતિમ યાત્રામાં રાજકીય નેતાઓ સહીત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતાં.

## હિંમતનગર ખાતે પ્રદૂષણ અટકાવો અભિયાન સાથે સાયકલ રેલી

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના




હિંમતનગર ન્યાયમંદિર ખાતે આવેલ IANT દ્વારા તેના વિદ્યાર્થીઓની "GO GreeN" (પ્રદૂષણ અટકાવો) સાઈકલ રેલી યોજાઈ હતી. જેમાં IANT નો સ્ટાફ સહિત ૨૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ સાઈકલ સાથે રેલી યોજી પ્રદૂષણ અટકાવો અભ્યાન સાથે રેલી યોજી હતી.

હિંમતનગરના હાર્ટ સમાન મહાવીર નગરથી રીલાયન્સ મોલ ચાર રસ્તા સુધી એક કિલોમીટર IANTના વિદ્યાર્થીઓએ પર્યાવરણ થતું નુકશાનને ધ્યાને લઈને હાથમાં પોસ્ટરો સાથે સાઈકલ રેલી કાઢવામાં આવી હતી. જેમાં IANT સ્ટાફ સહિત વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. જ્યારે આજથી આઠ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાનાર છે અને આનાથી પોતે અને અન્ય લોકોમાં જાગૃતિ આવે પ્રેરણા મળે તેનુ પુરતુ ધ્યાન રાખવામાં આવશે જેવા સંકલ્પો IANTના વિદ્યાર્થી દ્વારા કરવાથી આધુનિક યુગમાં દરેક માટે ખરેખર પ્રેરણારૂપ છે.

## મહેસાણા જિલ્લા કક્ષાનો બાળ મજુરી નાબુદી અભિયાન કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૧૯

બાળ મજુરી એટલે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકના બાળપણ અને શાળાકીય અભ્યાસના ભોગે તેની પાસે કરાવાતું કોઈ પણ વ્યવસાયિક કામ જે તેના માટે માનસિક, સારીરિક, સામાજિક અને નૈતિક રીતે જોખણી અને નુકસાનકારક હોય. બાળ મજુરી કાયદા અંગે કેન્દ્ર સરકાર દ્વારા સંશોધન કરાયું અને જેના ફળ સ્વરૂપે સમગ્ર દેશમાં બાળ મજુરીનું દૂષણ નાબુદ થાય તે માટે અભિયાન હાથ ધરાયું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૨૮ ઓગસ્ટથી ૨૯ સપ્ટેમ્બરના સમગ્ર માસ દરમિયાન બાળ મજૂરી મુક્ત ગુજરાત અભિયાન હાથ ધર્યુ છે. મહેસાણા જિલ્લામાં જિલ્લા કક્ષાનો સેમીનાર રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી તેમજ જિલ્લાના પ્રભારીમંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષ સ્થાને સહિયારી કુચનો સેમીનાર યોજવામાં આવ્યો હતો.

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે બાળક મજુરી નહી શાળાએ શોભે આ વાક્યને નાગરિકો, સમાજસેવકો અને સરકારે સાથે મળીને ચરિતાર્થ કરવાનું છે. દેશમાં ગુજરાત સૌ પ્રથમ રાજ્ય બાળ મજુરી મુક્ત બને તે દિશામાં આપણે પ્રયત્નો કરવાના છે. રાજ્યમાં ૨૦૧૩માં સરકાર દ્વારા ૫૦૦ રેડ પાડી ૭૬૫ બાળકોને બાળ મજુરીમાં મુક્ત કરાવ્યા હતા. ૨૦૧૪માં ૧૭૫ રેડ પાડી ૪૫૦ બાળકોને મુક્ત કરાવ્યા હતા. ૨૦૧૫માં ૨૮૬ રેડ પાડી ૧૦૦ બાળકોને મુક્ત કરાવ્યા હતા. તેવી રીતે ૨૦૧૬ના જુલાઈના અંત સુધીમાં ૧૮૬ બાળકોને બાળ મજુરીમાંથી મુક્ત કરાવવામાં સફળતા મેળવી શકયા છીએ. જિલ્લાને બાળ મજુરી મુક્ત જિલ્લો બનાવવા માટે માત્ર કાયદો નહીં પરંતુ લોકજાગૃતિ પણ જરૂરી છે.

## મહિલાના ગળામાંથી પાંચ તોલાનું મંગળસૂત્ર ખેંચાયુ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના બેરણા રોડ ઉપરની એક સોસાયટીમાં અઢી માસ અગાઉ એક મહિલાના ગળામાંથી પાંચ તોલા સોનાનું મંગળસૂત્ર ખેંચી લઈ જવાની ઘટના અંતર્ગત એ-ડીવીઝન પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર શહેરના મહાવીરનગરના બેરણા રોડ ઉપર આવેલ યશસ્વી બંગ્લોઝમાં રહેતા અને તામિલનાડુના વતની વિજયાકુમારી ગયપ્પન ૨૮ મી જૂન ૨૦૧૬ના રોજ બપોરે દોઢેક વાગ્યાના સુમારે ગેટ ખોલી ઘરમાં જવાનો પ્રયાસ કરી રહ્યા હતા તે દરમિયાન મોટરસાયકલ પર આવી ચઢેલ બે જણા પૈકી પાછળ બેઠેલા ઈસમે વીજળી વેગે વિજયાકુમારીના ગળામાંથી પાંચ તોલા સોનાનું મંગળસૂત્ર કિંમત રૂા.૫૦,૦૦૦ નું ખેંચી લીધુ હતું અને બાઈકવાળીને પલાયન થઈ ગયા હતા. જે અંગે એ-ડીવીઝન પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## હિંમતનગરમાં લેપટોપ લઈ પલાયન થઈ જતાં ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના મહાવીરનગરમાં રહેતા અને ડાન્સ કલાસ ચલાવતા એક વ્યકિતને વિશ્વાસમાં લઈ દોઢેક માસ અગાઉ તેનું લેપટોપ લઈ પલાયન થઈ જનાર મોબાઈલ ધારક વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ડાન્સ કલાસીસ ચલાવતા અને સૂર્યોદય બંગ્લોઝ મહાવીરનગર ખાતે રહેતા બ્રૂસલી ધનસિંહ થાપા સાથે ૬ ઓગષ્ટે મોબાઈલ નંબર ૮૪૬૯૪ ૩૩૦૩૭ ઉપરથી એક ઈસમે તેમનું લેપટોપ લેવા વાત કરી હતી અને ત્યારબાદ રૂબરૂ લક્ષ્મીનારાયણ સોસાયટી ખાતે આવી વિશ્વાસમાં લઈ લેપટોપ જોઈ પૈસા આપુ છું તથા દસ મિનિટમાં આવુ છું તેમ કહી બ્રૂસલી અન્ય ગ્રાહકો સાથે વાત કરતા હતા તે દરમિયાન આ ઈસમ લેપટોપ લઈને પલાયન થઈ ગયો હતો. દોઢેક માસ બાદ બ્રૂસલીએ ૧૯ સપ્ટેમ્બરે મોબાઈલ નંબર ધારક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.






## ધાનેરામાં ટહુકાર બિટ્સના સંગે ભવ્ય ભીમ ડાયરાનું આયોજન

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ભીમસેના ધ્વરા ભવ્ય ભીમ ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નામાંકિત કલાકારો ધ્વરા ભીમરાવ આંબેડકર ના ભજન અને લોકગીત ધ્વરા લોકોને મનોરંજન પૂરું પડ્યું હતું તો બીજી તરફ આ ડાયરાને નિહાળવા માટે લોકો ની પણ ભારે ભીડ જોવા મળી હતી. ધાનેરા માં ભીમ સેના ધ્વરા ભવ્ય ભીમડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નામાંકિત કલાકારો ધ્વરા ડો.ભીમરાવ આંબેડકર સાહેબે કરેલા કામોથી લોકોને વાકેફ કર્યા હતા અને લોકોમાં જાગૃતતા લાવવા અને શિક્ષિત બનવવા માટેના પ્રયત્ન કાર્ય હતા ત્યારે ગુજરાત ની પ્રખ્યાત ટહુકાર બિટ્સ અને તેમની ટિમ ધ્વરા બાબા સાહેબ ના ભજન અને લોકગીત ગાઈ લોકો ને મંત્ર મુગ્ધ કર્યા હતા ત્યારે ભીમસેના ધ્વરા ટહુકાર બિટ્સ ના યોગેશ પુરબીયા ને બાબા સાહેબ ની પ્રતિમા આપી સન્માનિત કર્યા હતા તો બીજી તરફ આ ડાયરાને નિહાળવા માટે લોકો ની પણ ભારે ભીડ જોવા મળી હતી.

**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**

**જાહેર નિવિદા નં.૫/૨૦૧૬-૨૦૧૭નો સુધારો-૨**

દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૯/૯/૨૦૧૬ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૧૯/૯/૨૦૧૬થી ૨૨/૯/૨૦૧૬ |
| બાનાની રકમ, ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૨૩/૯/૨૦૧૬ |
| પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૨૩/૯૨૦૧૬ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મૂળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૦૧/૨૦૧૬